આણંદ કૃષિ યુનિ.નો ૧૮મો પદવીદાન સમારોહ યોજાયો

૨૭ વિદ્યાર્થીને ૫૮ સુવર્ણચંદ્રક સહિત ૫૪૯ વિદ્યાર્થીઓને પદવી એનાયત

આણંદ,તા.૨

આણંદ ખાતે આવેલ કૃષિ યુનિવર્સિટીનો આજે ૧૮મો પદવીદાન સમારોહ વર્ચ્યુઅલી જોડાયેલ કુલાધિપતી ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં ૨૭ વિદ્યાર્થીઓ ને ૫૮ સુવર્ણ ચંદ્રક સહિત ૫૪૯ વિદ્યાર્થીઓ ને સ્નાતક અનુસ્નાતક ની પદવી એનાયત કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગત આણંદ કૃષિ યુનિવર્સિટીનો ૧૮મો પદવીદાન સમારોહ કુલાધિપતી રાજયપાલ દેવવ્રત ની વર્ચ્યુઅલી અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે યુનિવર્સિટીના વાઈસચાન્સેલર ડો.કે.બી.કથીરીયા એ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીની કામગીરી તથા સિદ્ધિઓ ને વર્ણવી હતી. મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કુલપતિ ડો.બિમલ પટેલે દિક્ષાત પ્રવચન આપી પદવીધારકોને જીવન ના સંગ્રામ માં પગ મૂકી રહ્યા હોય ડગલે ને પગલે સફળતા મળે તેવા આશીર્વચન આપ્યા હતા. પદવીદાન સમારોહ માં યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના ૫૪૯ જેટલા સ્નાતક અનુસ્નાતક ને પદવી એનાયત કરવા સાથે ૨૭ જેટલા વિદ્યાર્થીઓ ને ૫૮ સુવર્ણ ચંદ્રક તથા રોકડ પુરસ્કાર આપ્યા હતા.

આણંદ કૃષિ યુનિ. દીક્ષાંત સમારોહ,૨૭ તેજસ્વી વિદ્યાર્થીઓને ૫૮ સુવર્ણચંદ્રકો, ચંદ્રકો અને રોકડ પુરસ્કાર

(તસવીર : સુરેશ ઠાકુર,આણંદ)

આણંદ,તા.૨

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આણંદ કૃષિ યુનિવર્સિટીના ૧૮મા દીક્ષાંત સમારોહ પ્રસંગે પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. રાજ્યપાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી સમગ્ર માનવજાત ત્રસ્ત છે.ત્યારે પ્રાકૃતિક કૃષિને રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે સ્વીકારવી પડશે. તેમણે યુવા કૃષિ વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે નવા સંશોધનો અને નવી ટેકનોલોજી વિકસાવી આત્મનિર્ભર કૃષિ થકી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ આણંદ કૃષિ યુનિવર્સિટીના ૧૮મા પદવીદાન પ્રસંગે ગાંધીનગર ખાતેથી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ જણાવ્યું હતું કે,

આઝાદી સમયે દેશની ખાદ્યાન્નની જરૂરિયાતો પૂરી કરવા હરિત ક્રાંતિએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ભારતના કૃષિ વૈજ્ઞાનિકોએ હરિત ક્રાંતિ દ્વારા ખાદ્યાન્ન ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવ્યો હતો. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આજે સંચિતિ જુદી છે. રાસાયણિક ખાતરોના અને ઝેરી કીટનાશકોના અંધાધુંધ ઉપયોગના કારણે જળ-જમીન અને પર્યાવરણ દૂષિત થયા છે. ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યાનો સામનો સમગ્ર વિશ્વ કરી રહ્યું છે. રાસાયણિક કૃષિમાં ઉત્પાદન સતત ઘટી રહ્યું છે. ખાદ્યાન્નમાં ઝેર ભળવાને કારણે માનવ સ્વાસ્થ્યને હાનિ પહોંચે છે, લોકો કેન્સર, ડાયાબિટીસ, હૃદયરોગ જેવી અસાધ્ય બિમારીઓનો ભોગ બની રહ્યા છે ત્યારે રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી મુક્તિ મેળવવાના મજબૂત વિકલ્પ તરીકે પ્રાકૃતિક કૃષિ અપનાવવી એ આજના સમયની માંગ છે.

રાજ્યપાલશ્રીએ કૃષિ ઉત્પાદનની સાથે ગુણવત્તાની ચિંતા કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂકી જણાવ્યું હતું કે, કૃષિ લાયક ભૂમિ એટલી

પ્રદૂષિત થઈ ગઈ છે કે, ખેતીમાં અળસિયાં જેવા મિત્ર જીવો અને અન્ય સૂક્ષ્મજીવો નષ્ટ થઈ રહ્યા છે. પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયના છાણ અને ગૌમૂત્રથી બનતા જીવામૃત અને ઘન જીવામૃતના ઉપયોગના કારણે ખેતરમાં જીવોની વૃષ્ટિ થાય છે અને સરવાળે જમીનના ઓર્ગેનિક કાર્બનની માત્રમાં વધારો થાય છે અને જમીન ફળદ્રુપ બને છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ સૂક્ષ્મ જીવો હોવાનું અને ગૌ-મૂત્ર ખનીજોનો ભંડાર હોવાનું પણ રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું.

રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સીટીના કુલપતિ પ્રાધ્યાપક શ્રી ડો. બીમલ પટેલે દીક્ષાંત પ્રવચન કરતાં પોતે બી. એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરમાં તેમણે કરેલા અભ્યાસના સમયને યાદ કરી વિશ્વના તમામ રાષ્ટ્રો અથવા પ્રદેશો માટે ખોરાક સહિત અનેક પાયાની જરૂરિયાતો પૂરી પાડતું કૃષિ-શિક્ષણ હંમેશા અર્થતંત્રનું મુખ્ય ક્ષેત્ર રહ્યું છે તેમ જણાવી ભારતમાં કૃષિક્ષેત્રે ઐતિહાસિક રીતે નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું, આજે કૃષિની કલા એ બહુવિધ વૈજ્ઞાનિક ઈનપુટ્સ, સિદ્ધાંતો અને વ્યવસ્થાપન સાથે પાક ઉગાડવા માટેના ૬૬૩૯;વિજ્ઞાન૬૬૩૯;માં પરિવર્તિત થઈ છે જેના પરિણામે આપણે હરિયાળી ક્રાંતિ મેળવી હોવાનું ઉમેર્યું હતું. તેમણે આપણી લોકશાહી સામેના તમામ પડકારો હોવા છતાં દરેક ભારતીયની ક્ષમતાને સાકાર કરવાની સાથે જેમ લોકશાહી મજબૂત બની છે, તેમ આપણું કૃષિ ક્ષેત્ર પણ, તેની સામેના અનેક પડકારો વચ્ચે તેનો વિકાસ દર જાળવી રાખીને ટકાઉ વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરશે તેમ જણાવી કૃષિ શિક્ષણ, કૃષિ વ્યવસાય, એગ્રીકલ્ચર એન્ટરપ્રિન્યોરશીપ, કૃષિ દ્વારા મહિલા સશક્તિકરણ, રાષ્ટ્રીય સુરક્ષા અને કૃષિ, નાણાંકિય સુરક્ષા અને કૃષિ, કુદરતી ખેતી તેમજ ભાવિ પડકારો વિશે સવિસ્તાર માર્ગદર્શન આપ્યું હતુ.

ડો. પટેલે ઉપસ્થિત વિદ્યાર્થીઓને અનુરોધ કરતાં જણાવ્યું હતુ કે, આપ સૌનું (અનુ.પાન ૭ પર)

દિવ્ય ભાસ્કર ચરોત્તર-આણંદ ભાસ્કર 03-02-2022

યુવા કૃષિ વૈજ્ઞાનિકો આત્મનિર્ભર કૃષિ થકી ભારતના નિર્માણમાં યોગદાન આપે : રાજ્યપાલ

આણંદ કૃષિ યુનિવર્સિટીનો 18મો પદવીદાન સમારોહમાં 27 તેજસ્વી વિદ્યાર્થીઓને 58 સુવર્ણચંદ્રકો, રોકડ પુરસ્તાર એનાયત કરાયા

ભાસ્કર ન્યૂઝ | આણંદ

આણંદ કૃષિ યુનિવર્સિટીનો બુધવારે 18મો પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં 27 તેજસ્વી વિદ્યાર્થીઓને 58 ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા. જ્યારે 549 વિદ્યાર્થીઓને સ્નાતક-અનુસ્નાતકની પદવી એનાયત કરાઈ હતી. આ પ્રસંગે વચ્ચુઅર્લ રીતે હાજર રહેલા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, યુવા કૃષિ વૈજ્ઞાનિકો પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે નવા સંશોધનો અને નવીન ટેકનોલોજિ વિકસાવી આત્મનિર્ભર કૃષિ થકી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપે.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા વધુમાં ઉમેર્યું હતું કે, રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી સમગ્ર માનવજાત ત્રસ્ત છે. ત્યારે આ સમયે આપણે સહુએ પ્રાકૃતિક ખેતી અપનાવી જોઈએ. ખાધાન્નામાં ઝેર ભળવાને કારણે માનવ સ્વાસ્થયને હાનિ પહોંચે છે. લોકો કેન્સર, ડાયાબિટીસ, હૃદયરોગ જેવી અસાધ્ય બિમારીઓનો ભોગ બને છે. બીજી તરફ આ પ્રસંગે દીક્ષાંત પ્રવચન આપતા રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીના કુલપતિ ડો. બિમલ પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, તમામ રાષ્ટ્રો અને પ્રદેશો માટે ખોરાક સહિત અનેક પાયાની જરૂરીયાતો પૂરી પાડતું કૃષિ શિક્ષણ હંમેશા અર્થતંત્રનું મુખ્ય ક્ષેત્ર રહ્યું છે. ભારતમાં કૃષિ ક્ષેત્રે ઐતિહાસિક રીતે નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું હતું. આજે કૃષિની કલા એ બહુવિધ વૈજ્ઞાનિક ઈનપુટ્સ, સિદ્ધાંતો અને વ્યવસ્થાપન સાથે પાક ઉગાડવા માટેના વિજ્ઞાનમાં પરિવર્તિત થઈ છે. જેના પરિણામે આપણે હરિયાળી ક્રાંતિ મેળવી હોવાનું ઉમેર્યું હતું.

પૂજા પાઠ, સુવાનું અને વાંચન એજ દિનચર્યા હતી

12 મેડલ મેળવનારા વિદ્યાર્થી સોહમ લુહાણાએ જણાવ્યું હતું કે, સમગ્ર દિવસ દરમિયાન હું વાંચતો જ રહેતો હોવ છું. બે કલાક પૂજા પાઠ અને સુવામાં સમય પસાર કર્યા બાદ બાકીના જે પણ સમય રહેતો હતો તેમાં સતત વાંચન કરતો હતો. એટલે એમ કહેવાય કે 12થી 14 કલાક હું વાંચતો હતો. અને તેને કારણે જ આઈએઆરઆઈની થોડાં સમય પહેલાં લેવાયેલી પરીક્ષામાં મેં સમગ્ર ભારતમાંથી ચોથો ક્રમાંક મેળવ્યો હતો.

2.15 કરોડના ખર્ચે કસ્તુરબા ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ કરાયું

યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ અર્થે જિલ્લામાંથી અને જિલ્લા બહાર તથા રાજ્ય અને રાજ્યમાંથી અભ્યાસ અર્થે આવતી વિદ્યાર્થિનીઓને આવાસાની સુવિધા મળી રહે તે હેતુસર રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા રૂપિયા 2.15 કરોડના ખર્ચે નિર્મિત ત્રણ માળની કસ્તુરબા ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ કરાયું હતું. હોસ્ટેલમાં પાર્કિંગની સુવિધા ઉપરાંત પ્રથમ માળ 10 રૂમ, બીજા માળે 12 રૂમ અને ત્રીજા માળે આઠ રૂમની વ્યવસ્થાઓ તેમજ પેરેન્ટસ વેઈટિંગ રૂમ, એટેડન્સ ઓફિસ રૂમ, ટોઈલેટ બ્લોકની સુવિધા બનાવી છે.

મારા અભ્યાસ માટે પિતાએ તેમની નોકરીનું બલિદાન આપ્યું હતું

મારા પિતા એનડીડીબીમાં હતા. એ સમયે તેમને હૈદરાબાદમાં જવાનું હતું. પરંતુ મારો અભ્યાસ બગડે નહીં તે હેતુસર તેમણે મારા લીધે તેમની જોબ છોડી દીધી હતી અને ખાનગી કોલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા એમ કહેતા સાત મેડલ અને એક કેશ પ્રાઈઝ મેળવનારા વિદ્યાર્થી નિલેશ ચૌહાણે વધુમાં જણાવ્યું હતું કે, સખત મહેનતનો કોઈ પર્યાય નથી. સખત વાંચન અને ભવિષ્યમાં શું કરવું છે તેનો ટાર્ગેટ લઈને ચાલો તો સફળતા અવશ્ય મળે જ છે.